

|| NAMO TITTHASSA ||

GACCHADHIPATI (SPIRITUAL SOVEREIGN)
JAINACHARYA SHRIMADVIJAY
# YUGBHUSHANSURI
(PANDIT MAHARAJ SAHEB)

વિ.સં. 2077, સંવત્સરી મહાપર્વ
તા. 10-09-2021
બોરિવલી, મુંબઈ
Ref.:202109G-03

## સકલ શ્રીસંઘ જોગ નિવેદન

**વિષય – શ્રી શત્રુંજય તીર્થ સંબંધી 19 ઑગષ્ટના રોજ હાઇકોર્ટે આપેલું જજમેન્ટ**
**સમીક્ષાત્મક અને તટસ્થ વિશ્લેષણ ભાગ - 1**

વિશ્વના પવિત્રતમ મહાતીર્થ તરીકે ગરિમા ધરાવનાર શ્રી શત્રુંજય મહાતીર્થ જૈનોનું સર્વશ્રેષ્ઠ શ્રદ્ધાસ્થાન-ઉપાસ્યસ્થાન છે. તે તીર્થની સુરક્ષા, પવિત્રતા આદિ અખંડિતપણે જળવાઈ રહે તેવી દરેક જૈનોનાં અંતરની ભાવના હોય જ તથા તેની પવિત્રતા, સુરક્ષા જાળવવી તે દરેક જૈનોનું અવશ્ય કર્તવ્ય છે. છતાં તે પૂર્ણતયા ફળીભૂત થવા દેવામાં કલિકાળ અનેક રીતે દખલગીરી કરતો રહે છે.

તેમાંની એક દખલગીરીના સંબંધમાં ગુજરાત હાઇકોર્ટે તા. 19 ઑગષ્ટ, 2021ના રોજ આપેલા ચુકાદાએ શ્રદ્ધાળુ વર્ગમાં એક પ્રકારની ઉત્તેજના પેદા કરી છે. વર્તમાનમાં શ્રી સિદ્ધાચલ ગિરિરાજ ઉપર સૂરજકુંડની બાજુમાં રહેલ તથાકથિત નીલકંઠ મહાદેવ મંદિરના અમુક મુદ્દે વિશ્વ હિંદુ પરિષદ્ દ્વારા પાલિતાણા કલેક્ટર વગેરેની વિરુદ્ધમાં કેસ કરાયો હતો. તેમાં શત્રુંજય મહાતીર્થનો વહીવટ કરનાર શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી પણ પક્ષકાર તરીકે પાછળથી સામેલ થઈ હતી. વિશ્વ હિંદુ પરિષદ્ આદિ અન્ય પક્ષકારોએ ઉઠાવેલાં મુદ્દાઓનો હાઇકોર્ટ સમક્ષ ખુલાસો-દલીલો આપવા પેઢીએ પ્રયત્ન કર્યો હતો. તે બધાના આધારે હાઇકોર્ટે આપેલું જજમેન્ટ લોકોમાં ચર્ચાનો વિષય બન્યું છે. આ અવસરે, પેઢીએ હાઇકોર્ટ સમક્ષ કરેલી કાઉન્ટર એફીડેવીટ, કોર્ટે આપેલ જજમેન્ટ અને તેમાં ચર્ચાયેલ ઐતિહાસિક વિગતોનું સારગ્રાહી વિશ્લેષણ કરી શ્રી સંઘ સમક્ષ મૂકવું ધર્માચાર્ય તરીકે મારે માટે કર્તવ્ય છે. કારણ કે આ જજમેન્ટને સોશિયલ મીડીયામાં અને પ્રિન્ટ મીડીયામાં બહોળો પ્રસાર આપવામાં આવ્યો છે. તેથી અનેક લોકો દ્વારા મારા અભિપ્રાયની પૃચ્છા કરાઈ રહી છે. માટે સકલ શ્રીસંઘને તથ્યોની સાચી જાણકારી આપવા તે ત્રણે બાબતોથી શાસન-તીર્થ આદિને થવા સંભવિત **ફાયદા-નુકસાનોનો નિર્દેશ કરવો આવશ્યક છે.**



Education Book Centre, 133, Gala Complex, Din Dayal Upadhyay Road, Mulund (W), Mumbai 80, India
Whatsapp No.: +91 99300 11400 | Email: info@jyot.in



## આ કેસમાં પેઢીના પ્રયત્નની અને મેળવાયેલ જજમેન્ટની લાભદાયક ફળશ્રુતિઓ

સૌ પ્રથમ તો તે વાતનો આનંદ થાય છે કે શ્રી મોહજિત સમુદાય વતી મારા દ્વારા તા. 17 ડીસેમ્બર, 2020ના દિવસે બહાર પાડવામાં આવેલ જાહેર નિવેદનની સુંદર અસર પેઢીની વર્તણૂંક ઉપર દેખાઈ રહી છે. પ્રસ્તુત કેસમાં પેઢીને સીધી સાંકળવામાં ન આવી હોવા છતાં હાલમાં પેઢીએ સક્રિય બનીને જજમેન્ટ મેળવ્યું, જે તીર્થરક્ષા માટેની જાગૃતિ કહેવાય. શ્રી શત્રુંજય અને અન્ય દરેક તીર્થો બાબતે પેઢી પૂરેપૂરી સક્રિય રહે તેવી આશા રાખવી અસ્થાને નહીં ગણાય.

બીજું, પેઢી તરફથી પ્રસ્તુત કેસ લડવા માટે સિનિયર કાઉન્સિલ મિહિરભાઈ જોશીને નિયુક્ત કરાયા હતા. તેઓ શત્રુંજય તીર્થના સંબંધમાં અમારી સાથે કાયદાકીય ચર્ચા-વિચારણા કરવા ઇ.સ.2017માં પ્રથમ વાર અમદાવાદ ખાતે આવ્યા હતા. ત્યારબાદ તે જ વર્ષે કાંદિવલી-મુંબઈ ખાતે પણ આવ્યા હતા. તેમની સાથે થયેલી અનેક વિચારણાઓમાં એક એવી વાત મેં જણાવી કે, બ્રિટિશરોએ પણ આખા શત્રુંજય પર્વત ઉપર જૈનોના ચાલ્યાં આવતાં ધાર્મિક હક્કો માન્ય કર્યાં છે. તે અત્યારે પણ પ્રવર્તમાન છે, તેવું આપણે કોર્ટમાં સિદ્ધ કરી શકીએ ? ત્યારે જોશી ચમક્યા. કહે કે 'તમારી પાસે આનાં ડોક્યુમેન્ટ છે ?' મેં કહ્યું 'હા, છે.' તે ડોક્યુમેન્ટ તેમને આપવામાં આવ્યું. તે વાંચી તેમણે ઘણું આશ્ચર્ય દર્શાવ્યું. ત્યારબાદ પ્રસ્તુત કેસમાં મિહિરભાઈએ આ મજબૂત મુદ્દાના આધારે લડત આપી હાઇકોર્ટ પાસેથી સદર જજમેન્ટ મેળવ્યું. તે પણ ખાસ સંતોષજનક ઘટના છે. નિષ્ણાત સિનિયર કાઉન્સિલને પણ જો બ્રીફિંગ મુદ્દાસર કરવામાં આવે, તો પરિણામ ઘણું સુંદર આવે તેવા અનુભવમાં આ એક ઉમેરો થયો છે.

ત્રીજું, પ્રસ્તુત જજમેન્ટમાં કોર્ટે અમુક બાબતોને જે રીતે માન્યતા આપી છે તે આપણા તીર્થો માટે લાભકારી છે. તેના માટે પ્રસ્તુત જજમેન્ટ ખરેખર અભિનંદનને પાત્ર છે.

જજમેન્ટના ફકરા નં. 51માં સમગ્ર શત્રુંજય ગિરિરાજની પૂજનીયતા અને પવિત્રતા સ્વીકારવામાં આવી છે. તે પવિત્રતા શાસ્ત્ર અનુસારે જાળવવાનો જૈન સંઘનો ધાર્મિક અધિકાર પણ માન્ય કરાયો છે, જે કાયદાકીય દૃષ્ટિએ જૈન સંઘ માટે નોંધપાત્ર ઉપલબ્ધિ છે.

તેવી જ રીતે જજમેન્ટના ફકરા નં. 28માં મોગલકાળમાં અપાયેલા તીર્થરક્ષા સંબંધી ફરમાનોની ચર્ચા કરાઈ છે. તેમાં હાઇકોર્ટે તે પ્રાચીન ફરમાનો પ્રમાણભૂત છે અને મોગલકાળમાં પણ જૈન સંઘના તીર્થો ઉપરના સર્વાધિકારોને રાજમાન્યતા મળેલી હતી, આ બંને બાબતોનો ઐતિહાસિક તથ્ય તરીકે સ્વીકાર કર્યો છે.



Education Book Centre, 133, Gala Complex, Din Dayal Upadhyay Road, Mulund (W), Mumbai 80, Ind
Whatsapp No.: +91 99300 11400 | Email: info@jyot.in



વહીવટી બાબતમાં જજમેન્ટ આપતા ફકરા નં. 51માં જણાવાયું છે કે, નીલકંઠ મહાદેવ મંદિરમાં મહંત અને પૂજારી બન્યાનો દાવો કરનાર કાળુ ભારતીની નિમણૂંક રદ્દ કરવામાં આવે છે. આ નિર્ણય પણ વહીવટીય સુગમતામાં સહાયક થશે.

હવે આણંદજી કલ્યાણજી પેઢી દ્વારા, ભરતભાઈ રાઠોડે કરેલી અપીલના જવાબરૂપે જે સોગંદનામું હાઇકોર્ટમાં રજૂ કરાયું છે તેમાંના અમુક મુદ્દા વિચારણા માંગે છે, તેનું તટસ્થ સમીક્ષાત્મક અવલોકન કરીએ.

## (1) શેઠ આણંદજી કલ્યાણજી પેઢીએ હાઇકોર્ટમાં રજૂ કરેલ કાઉન્ટર એફીડેવીટ અને મૌખિક વિધાનોની તટસ્થ સમીક્ષા

એફીડેવીટ(સોગંદનામા)ના ફકરા નં. 12.5 અને 12.6માં પેઢી એમ જણાવે છે કે, ઋષભદેવ ભગવાન સાધના કરવા માટે અને અન્ય 22 તીર્થંકરો કર્મ ખપાવવા શત્રુંજય ઉપર આવ્યાં હતાં !!!

જૈન શાસ્ત્રકારો એમ સ્પષ્ટપણે ફરમાવે છે કે, કેવળજ્ઞાન પ્રાપ્ત થાય એટલે તીર્થંકરો કૃતકૃત્ય બને છે. તેમને કર્મ ખપાવવા માટે તીર્થયાત્રા આદિ ધર્મપ્રવૃત્તિઓ કરવાની હોતી નથી. ઊલટું, તેઓ ધારે તો કેવલજ્ઞાન બાદ ક્ષણવારમાં સર્વ કર્મો ખપાવી શકવા પૂર્ણ શક્તિમાન છે, પરંતુ તેઓ કલ્યાણમાર્ગનું પ્રવર્તન આદિ અનેક કારણોસર સહજપણે ઉદયમાં આવતાં કર્મોનો ભોગવટો કરતાં રહે છે. જેને શાસ્ત્રીય પરિભાષામાં ‘સહજ સાંસિદ્ધિક યોગ’ કહેવામાં આવે છે. આ અતિ ઉચ્ચ કક્ષાનાં યોગમાં રહેનારા તીર્થંકરો માટે ‘સાધના કરવા... કર્મ ખપાવવાં આવ્યાં હતાં’ તેમ કહેવું શાસ્ત્રવિરુદ્ધ તો છે જ, સાથે તીર્થંકરોનાં ભારોભાર અવમૂલ્યનરૂપ છે. વળી, તીર્થંકરોની પવિત્રતા ગર્ભાવતારથી એવી ઉત્તુંગ હોય છે કે તેઓનું જ્યાં ચ્યવન થાય, જ્યાં જન્મ થાય, અરે ! તેઓ જ્યાં ઊભા રહે, તેઓ જ્યાં વિચરે તે ક્ષેત્રોને પણ તીર્થનો મોભો પ્રાપ્ત થાય છે. જિનશાસનમાં જે તીર્થોને ઉત્કૃષ્ટ કક્ષામાં મૂકવામાં આવે છે તે કલ્યાણકભૂમિઓ આદિ તીર્થો તેમનું પોતાનું સર્જન છે. તેથી પણ તેમને તીર્થંકર કહેવાય છે. તેમના માટે કર્મ ખપાવવા શત્રુંજય ઉપર પધાર્યા હતાં, તેમ કહેવું તે તેમની આશાતના છે.

બીજું, તીર્થંકરો ગૃહસ્થઅવસ્થાથી જ શુભ દ્રવ્ય, ક્ષેત્ર, કાળના આલંબનથી શુભભાવને કરનારા હોતા નથી, પરંતુ દરેક દ્રવ્ય, ક્ષેત્ર, કાળમાં સ્વબળે શુભભાવને ધારણ કરનારા હોય છે, તેથી તેઓ સાધના માટે તીર્થભૂમિ ઉપર આવ્યાં હતાં તેમ કહેવું તે તેમના ગૃહસ્થજીવનના પણ વ્યક્તિત્વને અવગણવા બરાબર છે.



Education Book Centre, 133, Gala Complex, Din Dayal Upadhyay Road, Mulund (W), Mumbai 80, Ind
Whatsapp No.: +91 99300 11400 | Email: info@jyot.in



પૂજ્યપાદ કલિકાલસર્વજ્ઞશ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા ઋષભદેવ ભગવાન માટે સાફ શબ્દોમાં જણાવે છે કે,

कृतकृत्यः स्वयं ह्येष, भगवानपरानपि ।

कृतकृत्यान् जनान् कर्तुं, पूर्वलक्षमवास्थितः ।।513।।

સ્વયં કૃતકૃત્ય એવા ભગવાન અન્ય જીવોને પણ કૃતકૃત્ય કરવા માટે 1 લાખ પૂર્વ સુધી (આ પૃથ્વી ઉપર) રહ્યા.

પ્રતિવર્ષ પર્યુષણા મહાપર્વમાં શ્રવણ કરાતું મહાપવિત્ર કલ્પસૂત્ર પણ તે જ ફરમાવે છે કે,

'देवेन्द्र ! कदाऽप्येतन्न भूतं, न भवति, न भविष्यति च, यत् कस्यचिद्देवेन्द्रस्य असुरेन्द्रस्य वा साहाय्येन तीर्थङ्कराः केवलज्ञानम् उत्पादयन्ति, किन्तु स्वपराक्रमेणैव केवलज्ञानम् उत्पादयन्ति...'

અર્થાત્ ભગવાન મહાવીર સ્વમુખે ફરમાવે છે કે 'હે ઇન્દ્ર ! ક્યારેય પણ એવું થયું નથી, થતું નથી અને થશે પણ નહીં કે તીર્થંકરો દેવેન્દ્ર વગેરે કોઇની પણ સહાય વડે કેવળજ્ઞાન પ્રાપ્ત કરે, પરંતુ પોતાના પરાક્રમથી જ કેવલજ્ઞાન પ્રાપ્ત કરે.' અહીં ભગવાને કહેલો 'જ'કાર બરાબર સમજવા જેવો છે.

દશપૂર્વધર શ્રી ઉમાસ્વાતિજી મહારાજા પણ તત્ત્વાર્થસૂત્રની સંબંધકારિકામાં તીર્થંકર ભગવંતનો લાક્ષણિક પરિચય કરાવતાં લખે છે કે,

सम्यक्त्वज्ञानचारित्रसंवरतपःसमाधिबलयुक्तः ।

मोहादीनि निहत्याशुभानि चत्वारि कर्माणि ।।

केवलमधिगम्य विभुः, स्वयमेव ज्ञानदर्शनमनन्तम् ।

लोकहिताय कृतार्थोऽपि, देशयामास तीर्थमिदम् ।।

અર્થાત્ સમ્યક્ત્વ આદિ બળથી યુક્ત એવા પ્રભુ મોહ વગેરે ચાર અશુભ કર્મોને હણીને સ્વયં જ કેવલજ્ઞાન-કેવલદર્શન પ્રાપ્ત કરીને કૃતાર્થ એવા પણ લોકના હિત માટે આ તીર્થની સ્થાપના કરે છે.

અહીં ઉમાસ્વાતિજી મહારાજે પ્રયોજેલ **स्वयमेव** શબ્દનો અર્થ કરતાં ટીકાકાર ભગવંતોએ પણ બહુ સુંદર પ્રકાશ પાથર્યો છે.



Education Book Centre, 133, Gala Complex, Din Dayal Upadhyay Road, Mulund (W), Mumbai 80, Ind
**Whatsapp No.: +91 99300 11400 | Email: info@jyot.in**



स्वयमेव – स्वशक्त्यैव

स्वयमेव – स्वशक्त्यैव, न राजेव सामन्तादिमिश्रः

स्वयमेव – स्वशक्त्या, नेश्वरादिसामर्थ्येन

અર્થાત્ તીર્થંકરો પોતાની શક્તિથી જ, જેમ રાજા સામંતાદિની સહાયથી પ્રાપ્તિ કરે તેમ નહીં, ઈશ્વર વગેરે અન્ય તારક તત્ત્વોના સામર્થ્યથી નહીં, માત્ર સ્વશક્તિથી જ કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે.

અરે ! પ્રસિદ્ધ સ્તવનોની પંક્તિ યાદ કરીએ.

તુમ ચરણે પાવન કર્યું રે, પૂર્વ નવ્વાણું વાર,

તેણે તીરથ સમરથ થયું રે, કરવા જગત ઉદ્ધાર. ઋષભજિન ! તું ત્રિભુવન સુખકાર.

જ્ઞાનવિમલસૂરિ મહારાજા જણાવે છે કે, પ્રભુના ચરણોથી આ તીર્થ પાવન થયું છે અને તેને કારણે શત્રુંજય તીર્થ જગતનો ઉદ્ધાર કરવા અધિક સમર્થ થયું છે. અર્થાત્ ભગવાનના આગમનથી તીર્થની પવિત્રતામાં ધરખમ વધારો થયો છે. (નહીં કે ભગવાનની પવિત્રતામાં વધારો થયો છે.)

તેવી જ રીતે

'પૂર્વ નવ્વાણું વાર પધારી પવિત્ર કર્યું શુભ ધામ.'

પૂજ્ય ઉપાધ્યાયજી ભગવંત પણ સિદ્ધાચલ મંડન આદિનાથ ભગવાનની સ્તવનામાં ફરમાવે છે કે, આદિનાથ ભગવાને 99 પૂર્વ વાર પધારીને શુભ ધામ પવિત્ર કર્યું છે.

શત્રુંજય માહાત્મ્ય મહાગ્રંથમાં ધનેશ્વરસૂરિ મહારાજા સ્પષ્ટપણે પ્રતિપાદન કરે છે કે,

तीर्थं पर्वत एवायं, पवित्रस्तीर्थकृत्क्रमैः ।

આ પર્વત જ તીર્થ છે. જે તીર્થંકરોના ચરણોથી (અધિક) પવિત્ર થયેલ છે.

ઉપરોક્ત શાસ્ત્રસંદર્ભોથી એવું ફલિત થાય છે કે, તીર્થંકરોથી આ તીર્થ પાવન થયું છે. અથવા તો તેમના પધારવાથી ભવ્ય જીવોને અનંત લાભ થશે તેમ જાણીને તેઓ અહીં પધાર્યા છે.



Education Book Centre, 133, Gala Complex, Din Dayal Upadhyay Road, Mulund (W), Mumbai 80, Ind
Whatsapp No.: +91 99300 11400 | Email: info@jyot.in



અરે ! પ્રસ્તુત જજમેન્ટમાં ફકરા નં. 26માં ભાવનગર જિલ્લા કલેક્ટરનો એક કાયદાકીય દસ્તાવેજ ટાંકવામાં આવ્યો છે. તેમાં કલેક્ટર પણ જણાવે છે કે, શત્રુંજય ગિરિરાજ ઉપર 23 તીર્થંકરોએ પદાર્પણ કરીને તીર્થ પવિત્ર કર્યું હતું.

આ જ જજમેન્ટમાં ફકરા નં. 23માં જજ પોતે પણ ચોક્ખું જણાવે છે કે, શત્રુંજય માહાત્મ્ય ગ્રંથ અનુસાર આદિનાથ ભગવાને ગિરિરાજ ઉપર પધારીને ગિરિરાજને પવિત્ર કર્યો હતો.

છતાં પોતાને જૈન સંઘની પ્રતિનિધિ ગણાવતી પેઢી કોર્ટોમાં એવા વિધાનો કરે છે કે, તીર્થંકરો સાધના કરવા, કર્મ ખપાવવા શત્રુંજય ઉપર પધાર્યા હતા. જેનો સીધો અર્થ એ થાય કે, તેઓ પોતે પવિત્ર થવા માટે અહીં પધાર્યા હતા. કોર્ટોમાં આપણા જ મોઢે આપણા જ તીર્થંકરોનું અવમૂલ્યન આપણે જ કરતાં હશું, તો અન્યો દ્વારા જાહેરક્ષેત્રમાં કરાતા અવમૂલ્યનોને કઈ રીતે અટકાવી શકીશું ? તે જૈન સંઘનાં નેતૃત્વે ગંભીરતાથી વિચારવાની જરૂર નથી લાગતી ?

2) હવે પેઢી દ્વારા કરાયેલ એફીડેવીટના ફકરા નં. 14માં લખવામાં આવ્યું છે કે, શત્રુંજય તીર્થ ઉપર સોમપુરા, પૂજારી, અન્ય કર્મચારીઓ માટે અજૈન મંદિરો બનાવાયાં છે. ફકરા નં. 14.1માં તો ત્યાં સુધી લખી નાંખવામાં આવ્યું છે કે, લગભગ બધા જૈન તીર્થોમાં જૈનોએ પોતાના ખર્ચે કર્મચારીઓ માટે અજૈન મંદિરો બંધાવ્યાં છે. વળી, ફકરા નં. 17માં પેઢીએ સ્વીકારી જ લીધું છે કે, જેઓ નીલકંઠ મહાદેવ મંદિરમાં નિયમિતપણે પૂજા આદિ કરે છે, તેમના વિધિ-વિધાનો માટે બધા પ્રકારની સામગ્રીઓ આણંદજી કલ્યાણજી પેઢી પૂરી પાડે છે.

તેના સિવાય પેઢીએ કોર્ટમાં જે મૌખિક બયાન આપ્યું હતું, તેની નોંધ કરતાં જજમેન્ટના ફકરા નં. 12માં કહેવાયું છે કે અજૈન કારીગરો માટે જૈનોએ તીર્થ ઉપર અજૈન મંદિરો બંધાવ્યાં હતાં.

અહીં આણંદજી કલ્યાણજી પેઢીએ જૈન સંઘ વતી એવી વાત સ્વીકારી લીધી છે કે, આપણાં તીર્થો ઉપર અન્ય ધર્મના મંદિરો આદિ હોવું તે કાંઇ ખોટું નથી, તે આપણી પરંપરાથી વિરુદ્ધ પણ નથી, ઊલટું આપણા તીર્થોમાં અજૈન કર્મચારીઓના ઓઠા હેઠળ અજૈન મંદિરો હોવા, જૈનોના ખર્ચે તેનું નિર્માણ, સમારકામ, સારસંભાળ થવી એ આપણી પરંપરા છે અને આગળ વધીને આવી પદ્ધતિ માત્ર શત્રુંજય મહાતીર્થની છે તેવું નહીં, જૈનોના લગભગ બધા તીર્થોમાં આવી પદ્ધતિ છે.



Education Book Centre, 133, Gala Complex, Din Dayal Upadhyay Road, Mulund (W), Mumbai 80, Ind
Whatsapp No.: +91 99300 11400 | Email: info@jyot.in



સાથે એવું વલણ દાખવી દીધું છે કે શિવપંથીઓને પૂજા આદિ માટે અમે સામગ્રીઓ પૂરી પાડીએ છીએ. એટલે ભવિષ્યમાં પણ પેઢીનું જ વિધાન આવી પ્રવૃત્તિઓ કરવા માટે બંધન ઊભું કરી શકે છે. જે, આપણને અમાન્ય એવા દ્રવ્યો કે સામગ્રીઓ પૂરી પાડવા માટેના મતભેદનું બીજ બનવાની પૂરી શક્યતા છે.

આટલું ઓછું હોય તો જૂની મોટી ભૂલના નુકસાનને અટકાવવા પેઢીએ કરેલી મૌખિક રજૂઆત, જે જજમેન્ટના ફકરા નં. 11માં નોંધાયેલી છે. તેમાં એમ જણાવાયું છે કે, શેઠ આણંદજી કલ્યાણજી પેઢી પાસે અજૈન મંદિરો બાબતે પણ નીતિ-નિયમો બનાવવાનો અધિકાર ભલે હોય, પરંતુ પેઢી દ્વારા તેમની આવશ્યક અને ઉચિત પૂજા આદિ પ્રવૃત્તિઓમાં જરાય દખલગીરી થાય તેવા નિયમો ન બનવા જોઈએ !!! અર્થાત્ એમની ઉપરોક્ત ગતિવિધિઓમાં અડચણ ન થાય તે માટે આપણા હક્કો, આપણી મર્યાદાઓ, આપણી શાસ્ત્રાજ્ઞાઓને કોરાણે મૂકવી પડે, તેની અવગણના કરવી પડે, તેનો ભંગ કરવો પડે કે બીજું જે કરવું પડે તે બધું ગૌણ કરી તેમની ઉપરોક્ત ગતિવિધિમાં આપણાં નીતિ-નિયમો દ્વારા દખલગીરી ન થવી જોઈએ. તેનું ધ્યાન આપણે રાખવાનું છે.

એક બાજુ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘના પ્રતિનિધિ તરીકે હાઇકોર્ટમાં હાજર થવામાં આવે છે. બીજી બાજુ જૈન ધર્મના પવિત્રતમ મહાતીર્થ, પરાપૂર્વથી જૈન ધર્મના સંપૂર્ણ વર્ચસ્વ-અધિકાર હેઠળ ચાલ્યા આવતા મહાતીર્થ ઉપર પણ જૈનધર્મને અમાન્ય પ્રવૃત્તિઓને જૈન તીર્થોની પરંપરા કે જૈનોના સૌજન્ય તરીકે સ્વીકારી લેવામાં આવે છે.

જો આ બાબતો આપણને માન્ય હોય તો આપણા મહાતીર્થો ઉપર આપણા ધર્મની મર્યાદા મુજબ અનુચિત ગણાય તેવી હિંદુ મંદિરોના નિર્માણ આદિ પ્રવૃત્તિઓ થવા લાગે તો તેને અટકાવવાનો અવાજ પૂરી તાકાત સાથે કાઢી શકાશે ખરો ? સામે પક્ષે આપણે જ આપેલો મુદ્દો આગળ ધરવામાં આવશે ત્યારે આપણે શું જવાબ આપી શકીશું ? તેઓ કહેશે કે તમારી પ્રતિનિધિ પેઢી એમ જણાવે છે કે તમારા તીર્થો ઉપર અજૈન મંદિરો હોવાથી કે ત્યાં તેને યોગ્ય વિધિ-વિધાનો થવાથી જૈન તીર્થની મર્યાદા તૂટી જતી નથી. ઊલટું, અમુક કારણોસર તો જૈનો જ અન્ય મંદિરો આદિ બનાવે તે તમારા તીર્થોની પરંપરા છે. તે અન્ય મંદિરોમાં પૂજા આદિ માટે આવનારા શ્રદ્ધાળુઓને સામગ્રી પૂરી પાડવાની તમારી પદ્ધતિ છે. તો પછી તમારા તીર્થો ઉપર અમે અમારી રીતે અમારા મંદિરો આદિની પ્રવૃત્તિ કરીએ તેમાં વાંધો શું છે ? ત્યારે મોઢું બંધ કરવા સિવાયનો કોઈ રસ્તો બચ્યો હશે કે કેમ ? તે એક ભયજનક પ્રશ્ન છે.



Education Book Centre, 133, Gala Complex, Din Dayal Upadhyay Road, Mulund (W), Mumbai 80, Ind
Whatsapp No.: +91 99300 11400 | Email: info@jyot.in



3) આ જ સંદર્ભમાં પેઢી હજુ આગળ વધતા એફીડેવીટના ફકરા નં. 27.13માં જણાવે છે કે 'શત્રુંજય તીર્થ ઉપર રહેલા અન્ય ધર્મના સ્થાનોને આણંદજી કલ્યાણજી પેઢી પૂરા આદર-સન્માન સાથે, તેમના રીત-રિવાજ પ્રમાણે હંમેશાં સંભાળતી અને સાચવતી આવી છે.'

પેઢીની અન્ય મૌખિક રજૂઆત પણ જજમેન્ટના ફકરા નં. 10માં નોંધાયેલી જોવા મળે છે કે, પ્રાચીન સમયથી શત્રુંજય તીર્થ ઉપર ઘણા જૈન મંદિરો છે. પછી તે જ ફકરામાં પેઢી જણાવે છે કે, તેટલાં જ સમયથી અમુક અજૈન મંદિરો પણ શત્રુંજય ઉપર હયાત છે. સૂરજકુંડની બાજુમાં રહેલું નીલકંઠ મહાદેવ મંદિર અને અંગારશા પીરની દરગાહનો તેવા અજૈન ધર્મસ્થાનકોમાં સમાવેશ થાય છે.

આનો સીધો અર્થ થયો કે પ્રાચીન કાળથી શત્રુંજય મહાતીર્થ સંપૂર્ણતયા જૈન મહાતીર્થ નથી, પરંતુ અન્ય ધર્મનું પણ ઉપાસનાસ્થાન છે, તેવું પેઢી કહે છે. પ્રાચીન જૈન શાસ્ત્રોમાં જ્યાં જ્યાં શત્રુંજય મહાતીર્થનું વર્ણન આવે છે ત્યાંની લીટીએ લીટી વાંચી જઇએ તોપણ ક્યાંય આ મહાતીર્થ અન્યધર્મનું પણ ઉપાસનાસ્થાન છે તેવો ઇશારો સરખો પણ જોવા નહીં મળે. આખો પર્વત જૈનધર્મનું સર્વશ્રેષ્ઠ ઉપાસ્યસ્થાન છે તેવા જ ઉલ્લેખો જોવા મળશે. 400 વર્ષ જૂના ભૂતકાળમાં જઇએ તોપણ અકબર રાજાએ આપેલ ફરમાનમાં શત્રુંજય પર્વતને શ્વેતાંબર જૈનોનું તીર્થ જ ગણાવાયું છે. છતાં અહીં શ્વેતાંબર જૈન સંઘની (એકમાત્ર પ્રતિનિધિ કહેવાતી) પેઢી એમ કહેવા માંગે છે કે આ મહાતીર્થ ઉપર પરાપૂર્વથી અન્ય ધર્મના પણ મંદિરો છે અર્થાત્ શત્રુંજય તે સંપૂર્ણપણે જૈન તીર્થ નથી. અને પેઢીએ મૌખિકરૂપે કોર્ટમાં કરેલા વિધાનોથી તો ત્યાં સુધી ફલિત થાય છે કે, શત્રુંજય ઉપર જેટલા જૈન મંદિરો પ્રાચીન છે તેટલાં જ અજૈન મંદિરો પ્રાચીન છે !!!

આપણા આ તીર્થ ઉપર સંપ્રતિ રાજાએ બંધાવેલ જૈન મંદિર છે અર્થાત્ લગભગ 2300 વર્ષ પહેલાં થયેલ મહાશ્રાવકે નિર્માણ કરેલું જિનમંદિર છે. લગભગ 900 વર્ષ પહેલાં થયેલ કુમારપાળ મહારાજાએ તથા ઉદયનમંત્રી, વસ્તુપાલ-તેજપાલ આદિએ બંધાવેલાં જિનમંદિરો પણ છે, તો શું 2300 વર્ષ પહેલાં અજૈન મંદિરો તે તીર્થ ઉપર બંધાયાં હતાં ? શું કુમારપાળ મહારાજાના સમયમાં જૈન મહાતીર્થ ઉપર અજૈન મંદિરો હતાં ? તેનાં કોઈ પુરાવાઓ છે ? છતાં આવા મુદ્દાઓ સામે ચઢીને કોર્ટમાં જૈન સંઘના નામે એડમિટ કરી દેવાં તે યોગ્ય કહેવાય ? શા માટે લખીને કે બોલીને તીર્થ ઉપરની અમાન્ય પ્રવૃત્તિઓને મજબૂત કરવામાં આવે છે ? આવા બિનજરૂરી વિધાનો ભવિષ્યમાં જૈન સંઘને બંધનકર્તા બને, નુકસાનકર્તા બને તેવી શક્યતાનો કોઇ વિચાર આવું બોલતી કે લખતી વખતે કરાયો હોય તેવું દેખાતું નથી.


Education Book Centre, 133, Gala Complex, Din Dayal Upadhyay Road, Mulund (W), Mumbai 80, Ind
Whatsapp No.: +91 99300 11400 | Email: info@jyot.in



પેઢી જ્યારે આવાં આત્મઘાતી વિધાનો બેધડકપણે કરી રહી છે ત્યારે કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજા અને સિદ્ધરાજ જયસિંહનો ઘટનાપ્રસંગ યાદ આવે છે, જેનો ઉલ્લેખ કુમારપાલદેવપ્રબંધ પરિચ્છેદ નં. 20માં કરાયેલ છે.

તેમાં મળતાં નક્કર પ્રમાણો મુજબ કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રસૂરિજી અને સિદ્ધરાજ જયસિંહના સમયમાં શ્રી શત્રુંજય અને ગિરનાર તીર્થ જૈન સ્થાનો તરીકે જ લોકોમાં પણ ગણાતાં હતાં. ઉપરાંત બંને તીર્થો ઉપર અન્ય ધર્મના એકેય મંદિરો ન હતાં.

તે જ કારણસર ગુજરાતના રાજા સિદ્ધરાજ જયસિંહે શિવના પરમ ભક્ત તરીકે શત્રુંજય અને ગિરનાર ઉપર મહાદેવનું મંદિર બનાવવાની ઇચ્છા કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રસૂરિજી પાસે વ્યક્ત કરેલી, તેનો સ્પષ્ટ શબ્દોમાં ઉત્તર આપતાં આચાર્ય ભગવંતે કહ્યું હતું કે 'હે રાજન્ ! આ બંને ક્ષેત્રો સિદ્ધક્ષેત્ર છે. ત્યાં સિદ્ધ સિવાયના કોઈની પણ સ્થાપના કરવી તે રાજ્યના ક્ષયનું કારણ છે. માટે સિદ્ધ સિવાય કોઈની પણ સ્થાપના કરવી ઉચિત નથી.'

તેના પ્રભાવે સિદ્ધરાજના સમયથી ગ્રંથકારના સમય સુધી એટલે કે સદીઓ સુધી તો અન્ય ધર્મનાં સ્થાનો ગિરિરાજ ઉપર નહોતાં બન્યાં, તેવું ગ્રંથકારના વર્ણનથી સિદ્ધ થાય છે.

આ આખો પ્રસંગ પેઢીએ ઉપાડેલા અજૈન મંદિરો સંબંધી મુદ્દાઓનો સણસણતો જવાબ આપે છે. તેમાં કહેવાયું છે કે, શત્રુંજય-ગિરનાર એ જૈન સ્થાનો છે, અજૈન સ્થાન નથી અને તેની ઉપર અન્ય મંદિરો નથી એટલે આપોઆપ જૈનમંદિરો જેટલાં જ અજૈન મંદિરો પણ પ્રાચીન છે તે મુદ્દો ઊડી જાય છે.

જો તે સમયથી અજૈન મંદિરો નથી તો ત્યારે જૈનોએ પોતાના ખર્ચે તે મંદિરો બંધાવ્યાં છે તે વાતને પણ અવકાશ રહેતો નથી. છેલ્લે હેમચંદ્રસૂરિ મહારાજા જે તીર્થની મર્યાદા જણાવે છે કે, સિદ્ધક્ષેત્રમાં સિદ્ધ સિવાય કોઈની સ્થાપના કરાય નહીં, તેનાથી તો ઉપરોક્ત ચર્ચાઓ ઉપર પૂર્ણવિરામ જ મૂકાઈ જાય છે. જો સિદ્ધભૂમિમાં સિદ્ધ સિવાય કોઈની સ્થાપના જ ન કરાય તો તેમની પૂજા-અર્ચના આદિ પ્રવૃત્તિઓની વાત જ ક્યાં કરવી ? જો સિદ્ધ સિવાય કોઈની સ્થાપના ન કરાય તો તે મંદિરો બનાવવાની પ્રવૃત્તિ જૈન શાસ્ત્રમાન્ય કેવી રીતે બને ? અને શાસ્ત્રમાન્ય ન બને તો પ્રાચીન કાળથી અજૈન મંદિરો ગિરિરાજ ઉપર હતાં તેવું કઈ રીતે કહી શકાય ?

ખેર ! હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ દર્શાવેલી મર્યાદા સકળ જૈન સંઘમાં સારી રીતે અમલ થાય તેવી શુભભાવના તો આપણે સહુ ભાવીએ !

4) પેઢીએ કરેલી એફીડેવીટમાં હજુ એક ગંભીર મુદ્દો રજૂ કરાયો છે. ફકરા નં. 24માં લખાયું છે કે 'હિંદુઇઝમ તે ભારતીય સંસ્કૃતિ છે. તેમાં જૈન ધર્મનો સમાવેશ થાય છે.' પહેલાં પેઢી પોતે સમીકરણ બાંધે છે કે,



Education Book Centre, 133, Gala Complex, Din Dayal Upadhyay Road, Mulund (W), Mumbai 80, Ind
Whatsapp No.: +91 99300 11400 | Email: info@jyot.in



હિંદુઇઝમ=ભારતીય સંસ્કૃતિ અને પછી તેના અંગ તરીકે જૈન ધર્મને બેસાડી દે છે. ભલા ! સંસ્કૃતિના અંગ તરીકે ધર્મની સ્થાપના ક્યારે અને કોણે કરી ? મહારાજા શ્રી ઋષભદેવે ગૃહસ્થ અવસ્થામાં સંસ્કૃતિનો ઉપદેશ આપ્યો હતો. તે પણ સાંગોપાંગ આપ્યો હતો. જો સંસ્કૃતિમાં ધર્મનો સમાવેશ થઇ જતો હોય તો ભગવાને ધર્મનો ઉપદેશ ગૃહસ્થપણામાં જ આપ્યો તેમ કહેવું પડશે, જે જૈનશાસ્ત્રોથી તદ્દન વિરુદ્ધ છે. કેમ કે ભગવાન કેવળજ્ઞાન પહેલાં ધર્મનો ઉપદેશ આપતા નથી અને તેને જ કારણે ઋષભદેવની દીક્ષા પછી લોકો ધર્મને નહીં જાણનારા, અજ્ઞાની હોવાથી સુપાત્રદાન આદિની વિધિ જાણતા નહોતા. ધર્મનો ઉપદેશ તો ઋષભદેવ આદિ તીર્થંકરોએ કેવળજ્ઞાન પ્રાપ્તિ બાદ આપ્યો છે. અહીં ધર્મ અને સંસ્કૃતિની ભેદરેખા સ્પષ્ટપણે સમજવાની જરૂર છે કે, સંસ્કૃતિ એ આર્યદેશના સામાજિક સંસ્કારો છે. જ્યારે જૈન ધર્મ તો સંપૂર્ણ જ્ઞાનીઓએ પ્રરૂપેલ આત્મકલ્યાણલક્ષી માર્ગ છે. તેનો સંસ્કૃતિમાં અંતર્ભાવ કોઇ રીતે શક્ય નથી.

છતાં પેઢીએ અહીં એવો ધડાકો કર્યો છે કે, જેના કારણે ભવિષ્યમાં જૈન ધર્મની સ્વતંત્ર ધર્મ તરીકેની અસ્મિતા ઉપર જોખમ ઊભું થઇ જાય. આમ તો પેઢી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનોના પ્રતિનિધિ તરીકે પોતાનો દાવો ફરી-ફરીને જાહેર કરે છે, છતાં જૈનધર્મ અંગેના પ્રાથમિક કન્સેપ્ટમાં પણ એટલો મોટો ધબડકો વાળ્યો છે કે, જેને કારણે જૈન ધર્મ એ સ્વતંત્ર ધર્મ નથી, પરંતુ સંસ્કૃતિનું જ અંગ છે, તેવું અર્થઘટન જૈન ધર્મની આગેવાન સંસ્થાના નામે જ થઇ જાય અને જ્યારે આવી આપત્તિ આવી પડે ત્યારે માત્ર પેઢી નહીં, પરંતુ સમગ્ર જૈન સંઘ કાયમ માટે બૂરી રીતે બંધાઇ જાય. જૈન ધર્મ હિંદુ સંસ્કૃતિમાં વિલીન થઇ જાય... વગેરે કલ્પના બહારનાં નુકસાનો સહેવાનાં આવે તેવી શક્યતાઓ ઊભી થઇ જાય છે.

ઉપરોક્ત એફીડેવીટમાં અને કોર્ટમાં પેઢીએ કરેલાં વિધાનોમાં આવા સ્ફોટક મુદ્દાઓ ભરેલાં છે. ક્યારે ક્યાંથી ધડાકો થાય તે કહી શકાય નહીં. વળી, આપણાં તીર્થંકરો શા માટે શત્રુંજય ઉપર પધાર્યા હતા, અજૈન મંદિરો શત્રુંજય ઉપર કોણે બંધાવ્યાં, કોના ખર્ચે બંધાયાં, પેઢીએ અજૈન મંદિરોની પ્રવૃત્તિઓ માટે દખલગીરી વગરની મંજૂરી આપી દેવી, અજૈન મંદિરો તીર્થ ઉપર ક્યારથી છે, જૈનધર્મને હિંદુઇઝમ સાથે શો સંબંધ છે વગેરે પ્રસ્તુત કેસ માટે તદ્દન બિનજરૂરી સફાઇઓ સામે ચાલીને આપવા દ્વારા પેઢીએ એવાં વિધાનોનાં બંધનો ખડકી દીધાં છે કે આપણાં ઘણાં અધિકારોનાં સૂપડાં સાફ થઇ જાય.

5) છેલ્લે પેઢીની એફીડેવીટ સંબંધી એક અગત્યનો મુદ્દો ધ્યાન ખેંચે છે. પ્રસ્તુત એફીડેવીટમાં પેઢીએ પોતે શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘની એકમાત્ર પ્રતિનિધિ છે તેવો દાવો કરવાની કોઇ તક છોડી નથી. પરંતુ તે દાવો વધુ ને વધુ મજબૂત થાય તેવા કાયદાકીય પ્રયત્નો ચાલુ રાખ્યા છે. જિનશાસનની પવિત્ર પરંપરા એવી છે કે જૈનોનું પ્રતિનિધિત્વ શ્રમણપ્રધાન ચતુર્વિધ સંઘ જ કરી શકે. માત્ર શ્રાવકોનો સમુદાય ન કરી શકે. આણંદજી



Education Book Centre, 133, Gala Complex, Din Dayal Upadhyay Road, Mulund (W), Mumbai 80, Ind
Whatsapp No.: +91 99300 11400 | Email: info@jyot.in



કલ્યાણજી પેઢીનો દાવો સમગ્ર સંઘના પ્રતિનિધિ હોવાનો છે, પરંતુ તેમના સંઘની વ્યાખ્યામાં માત્ર શ્રાવકોનો જ સમાવેશ થાય છે. વળી, તેમણે શ્રમણોનું અધિકૃત રીતે પ્રતિનિધિત્વ મેળવ્યું પણ નથી. છતાં શ્રીસંઘનું પ્રતિનિધિત્વ શ્રમણ પ્રધાન ચતુર્વિધ સંઘમાં પુનઃ પ્રસ્થાપિત કરવાની પેઢીની કોઈપણ તૈયારી દેખાતી નથી, જે જૈન સંઘના ભાવિ માટે અત્યંત નુકસાનકારક છે.

વળી, પેઢીએ સોગંદનામામાં અને રજૂ કરેલા પુરાવાઓમાં પણ ઠેકઠેકાણે પોતાના પ્રતિનિધિત્વનું એવું વર્ણન કર્યું છે, જેને કારણે જજમેન્ટમાં પણ તેમના પ્રતિનિધિત્વનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

જજમેન્ટના ફકરા નં. 23માં ઉપરોક્ત બાબતને જરા લાંબેથી વર્ણવી છે. તેમાં શાંતિદાસ શેઠને મહત્ત્વ આપવા પૂર્વક ઇતિહાસનું વર્ણન કરતાં જણાવાયું છે કે, પાલિતાણા ગામ શાંતિદાસ શેઠને ઇનામરૂપે આપવામાં આવ્યું હતું. ત્યારબાદ ઇ.સ.1730થી પેઢી જૈનોના બધા પક્ષો તરફથી શ્રી શત્રુંજય તેમજ અન્ય તીર્થોનો પણ વહીવટ સંભાળે છે. આ રીતે કહેવા પૂર્વક સકલ સંઘની પ્રતિનિધિ સંસ્થા તરીકે પેઢીનો ઉલ્લેખ કરાયો છે.

ખરેખર તો ભૂતકાળમાં અન્ય કોર્ટ દ્વારા પેઢીનો શ્રી સંઘના પ્રતિનિધિ તરીકેનો દાવો નકારી કાઢવામાં આવ્યો હતો. છતાં પેઢી દ્વારા કરાયેલી રજૂઆતમાં તેને ફરીથી સ્થાપિત કરવાનો પ્રયત્ન દેખાય છે.

હવે, હાઇકોર્ટે આપેલા જજમેન્ટના જૈન સંઘ માટે ચિંતાજનક તારણો તથા પ્રસ્તુત જજમેન્ટ અંતર્ગત રજૂ કરાયેલાં ઐતિહાસિક દસ્તાવેજો અને તેમાંથી ફલિત થતું જૈન સંઘના પ્રતિનિધિત્વનું માળખું આ બંને વિષયોનું વિશ્લેષણ કરી સકલ સંઘ સમક્ષ મૂકવાની ભાવના છે. યથાશીઘ્ર પ્રગટ કરવા પ્રયત્ન કરીશું.

ધર્મલાભ સહ

આ. વિજય યુગભૂષણસૂરિ

**(ગ. આ. વિજય યુગભૂષણસૂરિ)**

**NOTE : I, Gacchadhipati of Mohjit Samuday Chaturvidh Sangh (within Tapagaccha), on behalf of our Sangh, by virtue of my Declaration dated 17th December 2020, do hereby declare that the admissions of AKT as stated in this Nivedan are either contradictory to the facts or to the scriptures, and further I declare in the interest of Chaturvidh Sangh that such admissions do not represent our views, opinions, statements, assertions, intentions or our position in respect of Shri Shatrunjay Maha Tirth / and other Jain Tirths or Jain religion at large.**



Education Book Centre, 133, Gala Complex, Din Dayal Upadhyay Road, Mulund (W), Mumbai 80, Ind
Whatsapp No.: +91 99300 11400 | Email: info@jyot.in